# કાશ્મીર અને ઝારખંડમાં આજે મતદાન

**ત્રીજા તબક્કામાં ઝારખંડમાં ૧૭, કાશ્મીરમાં ૧૬ બેઠક માટે મતદાન : જમ્મુ-કાશ્મીરમાં ૧૩.૬૯ લાખ તેમજ ઝારખંડમાં ૫૦૧૬૬૫૭ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા ઉત્સુક : મતદાન પ્રક્રિયા પર નજર હશે**



રાંચી/શ્રીનગર,તા. ૮

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા માટે આવતીકાલે મતદાન યોજનાર છે. જેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. સઘન સુરક્ષા વચ્ચે મતદાન યોજાશે. જમ્મુ કાશ્મીરમાં ૧૬ અને ઝારખંડમાં ૧૭ બેઠકો માટે મતદાન યોજાશે. મોદીની લહેર વચ્ચે ભાજપ બન્ને રાજ્યોમાં શાનદાર જીત મેળવી લેવા માટે આશાવાદી છે. મોદી લહેર વચ્ચે હાલમા ભાજપે હરિયાણામાં બહુમતિ સાથે જીત મેળવી હતી. જમ્મુ કાશ્મીરમાં ત્રીજા તબક્કામાં ૧૪૪ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. જ્યારે ઝારખંડમાં ૨૮૯ ઉમેદવારો ભાવિ અજમાવી રહ્યા છે. જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં આવતીકાલે યોજાનાર ત્રીજા તબક્કા માટે રવિવારે ચૂંટણી પ્રચારનો અંત આવ્યો હતો.

મતદાન પહેલા આક્રમક પ્રચારનો દોર ચાલ્યો હતો. ભાજપ તરફથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રેલીઓ કરી હતી. ભાજપના સ્ટાર પ્રચારકોમાં રાજનાથસિંહ પણ રહ્યા હતા. કોંગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના વરિષ્ઠ નેતાઓ પણ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં ત્રીજા તબક્કા માટે કુલ ૧૪૪ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં મુખ્યપ્રધાન ઓમર અબ્દુલ્લા, તેમની કેબિનેટના ત્રણ સાથીઓ અને અન્ય ૧૦ વર્તમાન ધારાસભ્યો પણ સામેલ છે. આવતીકાલે જે ૧૬ બેઠકો પર ચૂંટણી યોજનાર છે તે પૈકી પીડીપી નવ બેઠકો ધરાવે છે. જમ્મુ કાશ્મીરમાં ત્રીજા તબક્કામાં ૧૩.૬૯ લાખ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. આવતીકાલે જ્યાં મતદાન યોજનાર છે તેમાં ઉરી સહિત બારામુલ્લા જિલ્લામાં સાત બેઠકો, બડગામમાં પાંચ બેઠકો, પુલવામાં ચાર બેઠકો સામેલ છે. ઓમર અબ્દુલ્લા બડગામ જિલ્લામાં બીરવાહ બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે.

ઓમર અબ્દુલ્લા આ વખતે પરિવારના ગઢ ગંદરબાલની જગ્યાએ બીરવાહમાંથી ચૂંટણી લડી રહ્યા છે. વિધાનસભામાં બીજી વખત સત્તા મેળવી લેવા માટે ઓમર દ્વારા તમામ પ્રયાસ કરવામાં આવ્યા છે. ઓમરે અનેક ચૂંટણી સભા કરી હતી. ત્રીજા તબક્કાની ચૂંટણી પીડીપી માટે પણ ઉપયોગી છે. કારણ કે અહીં તે હાલ ૧૬ પૈકી નવ બેઠકો ધરાવે છે. ભાજપ તેમની બેઠકો પર ગાબડા પાડવા માટે તૈયાર છે. કુલ ૧૭૮૧ મતદાન મથકો તૈયાર કરવામાં આવ્યા છે. હાલમાં અનેક ત્રાસવાદી હુમલા બાદ વિશેષા સાવચેતી રાખવામાં આવી રહી છે.

બીજી બાજુ ઝારખંડમાં પણ ભાજપ લડાયક છે. બન્ને રાજ્યોમાં પ્રચારનો અંત આવ્યા બાદ શાંતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા ચૂંટણી પંચે સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે.ઝારકંડમાં ૨૬ મહિલા ઉમેદવાર સહિત ૨૮૯ ઉમેદવાર મેદાનમાં છે. કુલ ૧૭ બેઠકોમાં મતદાન યોજનાર છે. રાજ્યમાં ૨૩૫૫૭૨૮ મહિલા સહિત કુલ ૫૦૧૬૬૫૭ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરવા ઉત્સુક છે. પૂર્વ મુખ્યપ્રધાન બાબુલાલ મારન્ડી, પૂર્વ વિધાનસભા અધ્યક્ષ સીપી સિંહ, પ્રદાનો અન્નપૂર્ણા દેવી અને અન્ય પ્રધાનોના ભાવિનો પણ ફેંસલો થનાર છે. કાશ્મીરમાં ચૂંટણી પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

## વિકાસ કાશ્મીરીઓની તકલીફને દૂર કરશે : નરેન્દ્ર મોદી

**કાશ્મીરી યુવાનો હવે એકે-૪૭ નહીં એન્ડ્રોઈડ ફોન ઇચ્છે છે : શુક્રવાર બાદથી આઠથી વધુ હુમલા છતાંય જમ્મુ કાશ્મીરમાં પહોંચેલા મોદી દ્વારા આક્રમક પ્રચાર : પ્રચંડ બહુમતી સાથે ભાજપને જીત અપાવવા અપીલ**

શ્રીનગર,તા. ૮

શુક્રવાર બાદથી જમ્મુ-કાશ્મીરમાં એક પછી એક આઠથી વધુ હુમલા કરવામાં આવ્યા હોવા છતાં તેની ચિંતા કર્યા વગર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જમ્મુ કાશ્મીરમાં ઝંઝાવતી પ્રચાર કરવા માટે પહોંચ્યા હતા અને આક્રમક મુદ્દા ઉઠાવ્યા હતા. કાશ્મીરી યુવાનોને પ્રભાવિત કરવાના મોદીએ પ્રયાસ કર્યા હતા. પ્રથમ બે રાઉન્ડમાં ઉંચા મતદાન બાદ આ રાઉન્ડમાં પણ ઉંચા મતદાન કરવા માટે મોદીએ અપીલ કરી હતી. મોદીએ કહ્યું હતું કે, કાશ્મીરી લોકો એકમાત્ર વિકાસના માર્ગથી મુશ્કેલીમાંથી બહાર નિકળી શકે છે. મોદીએ કહ્યું હતું કે, કાશ્મીરી યુવાનો એકે-૪૭ નહીં હવે એન્ડ્રોઈડ ફોન હાથમાં ઈચ્છે છે. વિકાસ અને

પ્રગતિ માટે ભાજપને પ્રચંડ બહુમતી આપવા તેઓએ અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભ્રષ્ટાચારના કારણે રાજ્ય બરબાદ થયું છે. તેઓ લોકોની સેવા કરવા માટે ઈચ્છુક છે. તેમની સમગ્ર સરકાર લોકોના કામમાં લાગી જશે.લોકોના સપના તેમના પોતાના સપના છે. જેને પૂર્ણ કરવા માટે તેઓ તમામ પ્રયાસ કરશે. લોકોનો જે પ્રેમ મળ્યો છે તે અભૂતપૂર્વ છે તેમ જણાવીને તેમણે કહ્યું હતું કે, લોકો તેમની સરકાર ઉપર વિશ્વાસ કરી રહ્યા નથી પરંતુ મોદીમાં વિશ્વાસ કરી રહ્યા છે. શિક્ષણ માટે કાશ્મીરી લોકોને દુરગામના વિસ્તારોમાં જવુ પડે છે જે ખૂબ જ દુઃખદ બાબત છે. ટુરિઝ્મને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપવાની તેઓએ વાત કરી હતી. આનાથી રોજગારીની તક દરેક સેક્ટરને મળશે. ટુરિઝમ સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપી વધતા ક્ષેત્ર તરીકે છે. દાલ સરોવરમાં પ્રવાસીઓ ભરચક રહે તે જરૂરી છે. ભાજપ સત્તામાં આવશે તો કાશ્મીરને વિકાસની નવી ઉંચાઈએ લઈ જવાશે. પ્રવાસ માટે ઘણી બધી તકો રહેલી છે. મોદીએ કહ્યું હતું કે, માનવતા, કાશ્મીરીયત અને લોકશાહી ત્રણ મોટા સ્તંભ તરીકે છે. અટલબિહારી વાજપેયીના આ સ્વપ્નને તેઓ આગળ લઈ જવા માટે કટિબદ્ધ છે. ૨૦૧૪માં તેઓ સતત કાશ્મીર આવતા રહ્યા છે. ૨૦૧૫માં પણ આવતા રહેશે. પ્રધાન સેવક હોવાના કારણે તેઓ સતત આવતા રહેશે. અગાઉ મોદી પરંપરાગત ફીરાન પહેરીને સેરેકાશ્મીર સ્ટેડિયમ પહોંચ્યા હતા. મોદી આર્મી હેડક્વોર્ટર ખાતે વોર મેમોરીયલ પર પણ પહોંચ્યા હતા અને શુક્રવારના હુમલામાં માર્યા ગયેલા લોકોને શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ કહ્યું હતું કે, ગેરમાર્ગે દોરાયેલા યુવાનો જે એકે-૪૭ રાઈફલ હાથમાં ઉઠાવી ચુક્યા છે તે લોકો પણ હવે ગન ઉપાડવાના બદલે હાથમાં એન્ડ્રોઈડ ફોન ઈચ્છે છે. જમ્મુના સાંભા જિલ્લામાં ચુંટણી રેલીને સંબોધતા તેઓએ આ મુજબની વાત કરી હતી. યુવાનોને યોગ્ય દિશામાં લઈ જવા માટે તેમની સરકાર કટીબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે, બુલેટ કરતા બેલોટમાં વધારે શક્તિ રહેલી છે. ઈવીએમ ઉપર આંગળી એકે-૪૭ના ટ્રીગર કરતાં



વધારે શક્તિશાળી છે. ૨૫મી નવેમ્બરના દિવસે મતદાનની શરૂઆત થયા બાદ ૨૦મી ડિસેમ્બર સુધી ચાલનાર છે. ૨૩મી ડિસેમ્બરે મત ગણતરી યોજાશે. મોદીએ વિધાનસભાની ચુંટણીમાં ભાજપને પ્રચંડ બહુમતી આપવાની માંગ કરી હતી અને કોંગ્રેસ, એનસી અને પીડીપી પર પ્રહારો કર્યા હતા. દેશના વિનાશ માટે તેમની રાજનીતિ જવાબદાર છે. લોકશાહીની ભાવના ક્યારેય દેખાઈ નથી. ભાજપ સરકારને લાવવા માટે મોદીએ અપીલ કરી હતી. કોંગ્રેસ સતત બે સરકારોમાં સત્તામાં રહી છે. પક્ષપાત સાથે હંમેશા કામ રહ્યું છે. જમ્મુ પ્રદેશ, જમ્મુ કાશ્મીરના અન્ય વિસ્તારોના એજન્ડા જુદા જુદા રહ્યા છે. જમ્મુ, કાશ્મીર અને લડાખને જુદી રીતે ગણવામાં આવ્યા છે. તેઓએ ૧૨ લાખ શરણાર્થીઓના મુદ્દાને નહીં ઉકેલવા બદલ સરકારની ટીકા કરી હતી.

## ચુંટણીને લઈ બન્ને રાજ્યોમાં મજબુત સલામતી વ્યવસ્થા

**હજારો સુરક્ષા જવાનોએ મોરચા સંભાળી લીધા : જમ્મુ-કાશ્મીરમાં પણ ત્રાસવાદી ખલેલ પહોંચાડી શકે, બન્ને જગ્યાએ શાંતિપૂર્ણ મતદાન માટે પગલાઓ લેવાયા**

રાંચી/શ્રીનગર,તા. ૮

જમ્મુ કાશ્મીર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણી માટે આવતીકાલે ત્રીજા તબક્કામાં મતદાન યોજનાર છે. મતદાન દરમિયાન કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ૧૬ બેઠકો માટે મતદાન યોજનાર છે. તાજેતરમાં એકપછી એક અનેક ત્રાસવાદી હુમલા થયા બાદ ત્રીજા તબક્કાને શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવાની બાબત ખુબ જ પડકારરૂપ બની શકે છે. મતદારોમાં કોઈ પણ પ્રકારની દહેશત ન ફેલાય તે માટે પણ ખાસ પગલા લેવામાં આવ્યા છે. ત્રીજા તબક્કાના મતદાનને લઈને બન્ને રાજ્યોમાં સુરક્ષાને લઈને સતત ચર્ચા કરવામાં આવી રહી હતી. બન્ને રાજ્યોના તમામ મતદાન મથકો પર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. કેટલાક ત્રાસવાદી સંગઠન હુમલા કરવાના પ્રયાસ કરી શકે છે. આ ઉપરાંત અલગતાવાદી ચૂંટણીનો બહિષ્કાર કરનાર છે. તમામ સંવેદનશીલ મતવિસ્તારમાં સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફી પણ કરવામાં આવનાર છે. અસામાજિક તત્વો પર નજર રાખવામાં આવી રહી છે.

બન્ને રાજ્યોમાં મતદાન પહેલા હથિયારો મળ્યા બાદ વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. તમામ મતદાન મથકો પર પુરતી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવી ચુક્યા છે. ચૂંટણી પંચે પહેલાથી જ આની નોંધ લીધી હતી. જમ્મુ કાશ્મીરમાં હાલમાં અનેક હુમલા થયા બાદ હજારો જવાનો વિવિધ વિસ્તારમાં તૈનાત કરી દેવામાં આવ્યા છે. ગુપ્તરીતે પણ તપાસ કરવામાં આવી રહી છે. દરોડા પણ પાડવામાં આવ્યા છે.

## શેરબજારમાં તીવ્ર મંદી : સેન્સેક્સ ૩૩૯ પોઈન્ટ ઘટી અંતે બંધ રહ્યો

**સેન્સેક્સ ૨૮૧૧૯ની નીચી સપાટીએ રહેતા કારોબારી નિરાશ**

મુંબઈ,તા. ૮

શેરબજારમાં આજે તીવ્ર મંદીનું મોજું ફરી વળ્યું હતું. કારોબારના અંતે સેન્સેક્સ વેચવાલીના દબાણ હેઠળ ૧ ટકાથી પણ વધુ ઘટીને બંધ રહ્યો હતો. કારોબારના અંતે સેન્સેક્સ ૩૩૯ પોઈન્ટ ઘટીને ૨૮૧૧૯ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૦૦ પોઈન્ટ ઘટીને ૮૪૩૮ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી બન્ને ઈન્ટ્રા ડે દરમિયાન ક્રમશઃ ૨૮૦૯૭ અને ૮૪૩૨ની સપાટીએ રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં નબળી સ્થિતિ રહી હતી. મીડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૯-૧.૨ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. આજે કુલ ૧૭૯૦ શેરમાં મંદી અને ૧૧૫૭ શેરમાં તેજી રહી

હતી. પ્રોફીટ બુકિંગની સ્થિતિ દિવસ દરમિયાન જારી રહી હતી. શરૂઆતથી જ મંદી સાથે કારોબારની શરૂઆત થઈ હતી. સેશનના મધ્યમાં આઈટી સેક્ટરમાં વેચવાલીનું મોજું ફરી વળ્યું હતું. એશિયન બજારમાં પણ મંદી રહી હતી. ચાવીરૂપ બેંચમાર્ક ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેમાં તાઈવાન, સિંગાપુર, દક્ષિણ કોરિયા, ઈન્ડોનેશિયાના કારોબારનો સમાવેશ થાય છે. આ તમામમાં૦.૦૧થી૦.૬ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. જ્યારે જાપાન, ચીન, હોંગકોંગના ઈન્ડેક્સમાં સુધારો રહ્યો હતો. આ તમામમાં ૦.૮થી ૧.૪૨ ટકા વચ્ચેનો સુધારો નોંધાયો હતો. દરમિયાનમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારના દિવસે ૧૦૯.૪૫ કરોડની કિંમતના ઈક્વીટીનું વેચાણ કર્યું હતું.

## નક્સલ વિરોધી ઓપરેશનને વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય

**૧૧૦૦૦ અર્ધલશ્કરી દળના જવાનો તૈનાત : સીઆરપીએફના જવાનો ઉપર છુપો હુમલો કરીને ૧૪ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ આક્રમક પગલા**

નવી દિલ્હી,તા. ૮

છત્તિસગઢના માઓવાદીગ્રસ્ત બસ્તર ડિવીઝનમાં મોટા પાયે આક્રમક નક્સલવાદ વિરોધી ઓપરેશન હાથ ધરવાનો નિર્ણય કરવામાંઆવ્યો છે. જેના ભાગરૂપે તમામ તૈયારી કરી લેવામા આવી છે. હાલમાં જ માઓવાદી દ્વારા હુમલો કરીને સીઆરપીએફના ૧૪ જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા બાદ આક્રમક કાર્યવાહી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. બસ્તરમાં નક્સલવિરોધી ઓપરેશન મોટા પાયે હાથ ધરવા માટે ૧૧૦૦૦ જવાનો વધારાના તૈનાત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ નવી ૧૧ બટાલિયિનના સમાવેશની સાથે જ પુરતી સંખ્યામાં જવાનો તૈનાત કરવામા આવ્યા છે. મધ્ય ભારતના રાજ્યમાં સુરક્ષા અભૂતપૂર્વ કરી દેવામાં આવી આવી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા સીઆરપીએફની વધારાની ૧૦ બટાલિયનો અને બીએસએફની એક બટાલિયન ગોઠવી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયની લીલીઝંડી પહેલાથી મળી ચુકી છે. છત્તિસગઢના બસ્તરને માઓવાદીઓના મુખ્ય સેન્ટર તરીકે ગણવામાં આવે છે. રાજ્યમાં નક્સલવાદી હિંસા મોટા પાયે અહીંથી ફેલાય છે. બસ્તર પ્રદેશમાં બિજાપુર, સુકમા, દાતેવાડા, બસ્તર, કોન્ડાગાવ અને નારાયણપુર, કાંકેરમાં આ કેન્દ્રિય સુરક્ષા દળના આશરે ૩૧૦૦૦ જવાનો રહે છે. અથવા તો ૩૧ બટાલિયનો તૈનાત કરવામાં આવેલી છે. રાજ્ય પોલીસ ઉપરાંત અન્ય સુરક્ષા જવાનો પણ તૈનાત કરવામાં આવેલા છે. સુકમા અને દાંતેવાડા જિલ્લામાં સીઆરપીએફની ૧૦ નવી યુનિટો ગોઠવી દેવામાં આવી રહી છે. માઓવાદીઓ છેલ્લા કેટલાક સમયથી ભારે આતંક મચાવી રહ્યા છે જેથી હવે તેમની પ્રવૃતિ પર બ્રેક મુકવાની હિલચાલ છે. માઓવાદી હિંસા રોકવા સરકાર કટિબદ્ધ છે.

## સમાચાર ઝલક

- પંજાબ આઇ કેમ્પ : ૬ની ફરી આંખોમાં રોશની આવી જશે.
- વિદેશમાં આપવામાં આવતી સર્વીસ પર ભારતીય કંપનીઓને સર્વીસ ટેક્સ ભરવો પડશે.
- સમગ્ર વિશ્વમાં ભારત સૌથી મોટો શાકાહારી દેશ.
- શુક્રવારે રજૂ થનારી રજનીકાંતની ફિલ્મ લિંગાનો વીમો ૨૦૦ કરોડનો લેવામાં આવ્યો.
- શિયાળામાં હાર્ટ એટેકના કેસોમાં ૨૦% વધારો નોંધાયો.
- ચેરીટેબલ ટ્રસ્ટ નોંધણી માટે પાનકાર્ડ ફરજિયાત રહેશે.
- ફિલીપાઇન્સમાં વાવાઝોડુ ત્રાટક્યું, ૧૦ લાખ લોકોને અસર.
- નીતિપંચનું નવું માળખું કલેવર ૨૬મી જાન્યુઆરી સુધીમાં તૈયાર થઇ જશે.
- રાજકોટમાં સર્વજ્ઞાતીય સર્વધર્મ ૧૦૦ સમૂહલગ્નો યોજાયા, દંપતીને ૭૫ હજારનો કરિયાવર.
- ડી.એન.એ. ટેસ્ટથી ૯૮ % પરિવારો તૂટી જાય છે.
- મિસ ઇન્ડિયા નવનીત કૌર ફિલ્મમાં ભાગ્ય અજમાવશે.
- એરપોર્ટ ઉપર ભૂલકણાં મુસાફરો સામાન ભૂલી ગયા, તેવા સામાનની કિંમત ૩૫ કરોડ થાય છે.
- દેશનું પ્રથમ પીપીપી મોડેલ રેલ્વે સ્ટેશન બનાવવા સુરતની પસંદગી.
- લખનૌમાં પૂર્વ સાંસદને રસ્તા પર દોડાવી વકીલના ટોળાએ મુઢ માર માર્યો.
- ૪૪૪ કિલો વજન ધરાવતા સૌથી જાડા માનવીનું નિધન.
- દેશની વધુ એક વિમાની કંપની સ્પાઇસ જેટ નાણાંકીય કટોકટીમાં ફસાઇ, હાલત નાજુક.
- જાન્યુઆરીથી ઇન્ટરનેટ વિના મોબાઇલમાં ડાઉનલોડ શક્ય બનશે.

## ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજથી એડિલેડમાં ટેસ્ટ

**ટેસ્ટ શ્રેણીને લઇને કરોડો ચાહકો ભારે ઉત્સાહિત : ફિલ હ્યુઝના મોત બાદ ટેસ્ટમાં બાઉન્સરને લઇને તમામ સાવધાન રહે તેવી વકી : સ્ટાર ખેલાડી ઉપર નજર કેન્દ્રિય**

એડિલેડ,તા. ૮

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલથી એડિલેડમાં પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ સમગ્ર ટેસ્ટ મેચોની શ્રેણી પર કરોડો ચાહકોની બાજ નજર રહેશે. મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બન્ને ટીમો પ્રથમ ટેસ્ટ મેચને જીતીને લીડ મેળવી લેવા અને હરિફ ટીમ પર દબાણ વધારવા માટે ઉત્સુક છે. ઓસ્ટ્રેલિયાના ઉભરતા ખેલાડી ફિલ હ્યુઝના મોત બાદ બન્ને દેશોના ખેલાડી હવે મુશ્કેલ તબક્કામાંથી બહાર નિકળવા પ્રયાસ કરી રહ્યા છે. ફિલ હ્યુઝને શેફિલ્ડ સિલ્ડની મેચ દરમિયાન બાઉન્સર વાગી જતા તે ગંભીરરીતે ઘાયલ થયો હતો અને મોડેથી તેનુ મોત થયું હતુ. જેથી સમગ્ર વિશ્વ ક્રિકેટમાં આઘાતનુ મોજુ ફરી વળ્યું હતુ. આ ટેસ્ટ મેચ દરમિયાન બાઉન્સર બોલ પર ખાસ સાવધાની ખેલાડીઓ રાખે તેવી શક્યતા છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ મેદાનમાં ઉતરવા માટે ઉત્સુક છે ટેસ્ટ દરમિયાન હ્યુઝને શ્રદ્ધાંજલિ આપવામાં આપવામાં આવનાર છે. ચાહકો તરફથી ૬૩ સેકન્ડ સુધી તાળિયો વગાડીને અંજલિ અપાશે. ઉપરાંત ઓસ્ટ્રેલિયાના ખેલાડી તેમના શર્ટ પર ફિલ હ્યુઝનો ટેસ્ટ નંબર ૪૦૮ને લગાડશે. તેમના સાથી ખેલાડીના મોત બાદ ઓસ્ટ્રેલિયા મેચને કઈ રીતે હાથ ધરશે તેને લઈને સસ્પેન્સ છે. બાઉન્સના ઉપયોગ પર પણ ટ્રેજેડી સીધીરીતે અસર કરશે. માઈકલ જોન્સન કેટલા અને કઈ રીતે બાઉન્સર નાંખે છે તેના પર તમામની નજર રહેશે.તેની બીજી ટેસ્ટ શ્રેણીમાં કોહલી સૌથી વધુ રન કરનાર ખેલાડીઓમાં રહ્યો હતો. ક્લાર્ક અને રીકિ પોન્ટિંગ બાદ તે ત્રીજા ક્રમે રહ્યો હતો. કેપ્ટન ક્લાર્કે ફિટનેસ ટેસ્ટ પાસ કરી ચુક્યો છે. શૌન માર્શ હવે રમશે નહી.

**ઓસ્ટ્રેલિયા :** ક્રિસ રોજર્સ, ડેવિડ વોર્નર, શેન વોટસન, માઈકલ ક્લાર્ક(કેપ્ટન), સ્ટીવન સ્મીથ, માઈકલ માર્શ, બ્રેડ હબેડીન, મિશેલ જોન્સન, રેયાન હેરિસ, પીટર સિડલ, નેથાન લિયોન

**ભારત :** મુરલી વિજય, શિખર ધવન, ચેતેશ્વર પુજારા, વિરાટ કોહલી, રહાણે, રોહિત શર્મા, સહા, અશ્વીન, વરૂણ ધવન, ઈશાંત શર્મા, મોહમ્મદ શામી

## મોદી સરકાર સાથે MDMK દ્વારા આખરે છેડો ફાડી લેવાયો

**મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કરાયા : તમિલોના હિતની વિરુદ્ધમાં કામ કરવાનો આક્ષેપ : પક્ષની સંસદીય બોર્ડની બેઠકમાં મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો**

ચેન્નઈ,તા. ૮

એમડીએમકેએ આજે નેશનલ ડેમોક્રેટીક એલાઈન્સ (એનડીએ) સાથે છેડો ફાડી લીધો હતો. એમડીએમકેએ આજે આક્ષેપ કર્યો હતો કે, કેન્દ્રમાં રહેલી મોદી સરકાર તમિલોના હિતના વિરુદ્ધમાં કામ કરી રહી છે. આજે ચેન્નઈમાં પક્ષની સંસદીય બોર્ડની અને ઉચ્ચસ્તરીય કમિટીની બેઠક યોજાઈ હતી જેમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. એમડીએમકે એનડીએમાં ચાલુ રહે કે કેમ તેને લઈને ચર્ચા થઈ હતી. આ બેઠકમાં મોડેથી ભાજપ સાથે સંબંધો તોડી લેવા માટેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આ ઠરાવમાં આક્ષેપ કરાયો હતો કે, ભાજપ સરકારે તમિલનાડુના લોકોની જરૂરીયાતની કોઈપણ કાળજી લીધી નથી. એવો આક્ષેપ પણ કરાયો હતો કે, ભાજપ સરકારને મુલ્લાપેરીયાર બંધના સુરક્ષા પાસાની સમીક્ષા કરવાની મંજુરી અપાઈ હતી. ઠરાવમાં જણાવાયું છે કે, મોદી સરકારે કાવેરીજળ મુદ્દા ઉપર તમિલનાડુના લોકોની તરફેણમાં કામ કર્યુ નથી. દેશમાં ચુંટણીમાં શ્રીલંકન પ્રમુખ રાજપક્ષેને મોદીએ અભિનંદન પણ આપ્યા હતા જેની નિંદા કરાઈ હતી. આમાં આક્ષેપોનો મારો ચલાવતા જણાવાયું છે કે મોદી સરકાર રાજાપક્ષે માટે ભારત રત્ન માટેની સુબ્રમણયમ સ્વામીની દરખાસ્ત પર મૌન રહી છે. એવું પણ જણાવાયું છે કે કેન્દ્ર સરકાર ૯મી ડિસેમ્બરે તિરુપતિની મુલાકાત લેવા રાજાપક્ષે માટે તમામ વ્યવસ્થા કરી દીધી હતી. ઠરાવમાં જણાવાયું છે કે, ભાજપના નેતાઓ શ્રીલંકાને ટેકો આપી રહ્યા છે. જ્યારે એમડીએમકે દ્વારા કહેવામાં આવ્યું હતું કે, ભારતે ટેકો આપવો જોઈએ નહીં. શ્રીલંકાની જેલમાંથી પાંચ ભારતીય માછીમારોને છોડાવી લેવાની બાબત ડ્રામા સમાન હતી. વૈકોની પાર્ટીએ આક્ષેપ કર્યો હતો કે, નરેન્દ્ર મોદી ભૂતપૂર્વ વડાપ્રધાન અને વરિષ્ઠ નેતા વાજપેયીના પગલે ચાલી રહ્યા નથી.